# આવો આવો દેવ મારાં

આવો આવો દેવ મારાં સૂનાં સૂનાં દ્વાર, મારાં આંગણાં સૂનાં,
રોતી રોતી ચંદનબાળા વિનવે છે; આજ મારાં આંગણાં સૂનાં.

પગમાં બેડી માથે મૂંડી, આંખે આંસુધાર;
ઉપવાસી ત્રણ ત્રણ દિવસની, મુખથી ગણે નવકાર. મારાં આંગણાં સૂનાં.

બાકુળાના ભોજન મળિયા, પણ નહિ મનડું માને
કોઇ અતિથિને વહોરાવીને, પછી જ ખાવું મારે. મારાં આંગણાં સૂનાં.

કૌશંબી નગરીની માંહે, યોગી એક વિચરતા;
પાંચ માસ ને પચીશ દિનથી, ભિક્ષા કાજે ફરતા. મારાં આંગણાં સૂનાં.

દ્વાર-હારથી એ ભિક્ષા વિણ, શીદને પાછા ફરતા;
કોણ હશે એ મહા તપસ્વી ? એહવો નિશ્ચય કરતા. મારાં આંગણાં સૂનાં.

બાળા ભોજન દે છે ત્યાં તો, યોગી પાછા વળિયા;
અહો ! પ્રભુ શું ઓછું આવ્યું ? દડ દડ આંસુ પડિયા. મારાં આંગણાં સૂનાં.

અભિગ્રહ પૂરણ જાણી પ્રભુજી, નિજ કર પાત્ર ધરાવે;
ચંદનબાળા ભાવ ધરીને, બાકુળા વહોરાવે. મારાં આંગણાં સૂનાં.

તે જ ક્ષણે ચમકાર થયો ને, તૂટી પગની બેડી;
માથે સુંદર વાળ થયા ને, વરસી સુખની હેલી. મારાં આંગણાં સૂનાં.

આવો આવો વીર સ્વામી ! આવો મહાવીર આજ ! મારાં આંગણાં સૂનાં.
આવો આવો વીર ! હું છું ક્યારની અધીર. મારાં આંગણાં સૂનાં.

**- કવિ શ્રી શાંતિલાલ શાહ**

# (૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(ધણરાઢોલાની દેશી, રાગ કેદારો)

ચંદ્રપ્રભજિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ; મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશ્યો ફળ નિરવાણ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા. ૧

ઓછું અધિક પણ કહે રે, આસંગાયત જેહ; મનના માન્યા;
આપે ફળ જે અણકહ્યાં રે, ગિરૂઓ સાહિબ તેહ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા. ૨

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મનના માન્યા;
જળ દીયેં ચાતક ખીજવી રે, મેઘ હુઓ તેણે શ્યામ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા. ૩

પિઉ પિઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મનના માન્યા;
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા. ૪

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મનના માન્યા;
વાચક જશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા. ૫

**- પરમ પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ**

# (૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનનો અર્થ

હે ચંદ્રપ્રભ જિનેશ્વર દેવ ! હે સાહેબા ! આપી ચતુર છો, સુજાણ છો અને મનને પ્રિય છો. દાસની કરેલી સેવા જાણો છો અને તેથી આપ મોક્ષપદ આપશો જ એવી મને ખાતરી છે. હે ચતુર અને સુખભોગી પ્રભુ ! આવો, આવો, આપણે એકાંતમાં આત્માની વાતો કરીએ, કારણ કે એ પ્રકારે ગુણની ગોષ્ઠી કરવાથી પ્રેમ પ્રગટે છે. ૧

મનના માનીતા હે માલિક ! જે બહુ હળી મળી ગયેલા હોય તે (બાળક જેમ માતા-પિતાને કહે તેમ) ઓછું-વધતું કહે એ બનવા જોગ છે. મોટા પુરુષ તે જ કહેવાય કે જે કહ્યા વિના ફળ આપે. ૨

'અમે દીન-ગરીબ છીએ' એમ કહેવરાવ્યા વિના, દાન આપવાથી દાતાનો મહિમા વધે છે. બાકી તો ચાતકને ખીજવી-પજવીને મેઘ જળ તો આપે છે, પણ તેથી મેઘની શોભા ઘટી છે, તે શ્યામ થઈ ગયો છે. ૩

હે મનમાન્યા માલિક ! 'પીયુ-પીયુ' શબ્દો વડે તમારો જાપ હું જપું છું. હું ચાતક છું, તમે મેઘ છો તો તરત મારાં દુઃખ દૂર કરો જેથી આપણો સ્નેહ બમણો થઈ જાય. ૪

હે પ્રભુ ! જો મોક્ષરૂપી ફળ, વહેલું મોડું આપે આપવાનું જ છે, તો વિલંબ શા માટે કરો છો ? આપ તુષ્ટમાન થાઓ, તો જ હે જગનાથ ! મને સુખ થાય તેમ છે. ૫

**- શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા પ્રકાશિત "વંદું જિન ચોવીસ" ગ્રંથ**